સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

માર તો ખાવ છો, પણ ઘા રૂઝશે ક્યારે ઈ તો ક્યો!!
કરો દેકારો પણ પગલાં લેશો ક્યારે ઈ તો ક્યો!!
ગરમ તો થાવ છો પણ ઉકળશો ક્યારે ઈ તો ક્યો!!
'છોડશું નહીં' ક્યો છો, પણ પકડશો ક્યારે ઈ તો ક્યો!!
(આપણી નિવેદનીયા નીતિ)

હાઈકુ

મનપા જાતે,
કરે ગંદકી ઓછી -
વંદા ખાઈને...

પંજાબ સ્ટેજે
લ્યો! શરૂ થશે હવે -
સિદ્ધુ હાસ્ય શો...

ચિંતન

નરત્વં દુર્લભં લોકે વિદ્યાતત્ર સુદુર્લભા ।
કવિત્વં દુર્લભં તત્ર શક્તિસ્તત્ર સુદુર્લભા ॥

આ સંસારમાં 'માનવ' તરીકે જન્મ પ્રાપ્ત થવો એ ભાગ્ય-પુણ્યફળની દુર્લભ વાત છે અને માનવ જન્મ મળ્યા પછી પણ સંસ્કારી-પવિત્ર પરિવાર મળે અને એમાં પણ શિક્ષણ-વિદ્યા પામવાની તક મળે એ તો અતિશય દુર્લભ વાત છે.

માણસને વિદ્યાપ્રાપ્તિ સંજોગવસાત્ અને ક્રમાનુસાર મળી પણ જાય પણ વિદ્યાની સાથે સરસ્વતીની કૃપા પણ અવતરે અને કવિત્વ-સર્જનશક્તિના આશીર્વાદ પ્રાપ્ત થાય એ તો અતિ દુર્લભ બાબત છે; અને આવા લેખક-સર્જકને વિશ્વ વિખ્યાત એવોર્ડ અને સન્માન પ્રાપ્ત થાય, વિશ્વમાં નોંધનીય યોગદાન આપવાની સર્જન-શક્તિ હોય તો અતિશય દુર્લભ વાત છે.

સુવિચાર

- ધનને મેળવવા મનને બદલવું જ પડે એવો કોઈ નિયમ નથી પણ ધર્મ સાથે દોસ્તી કરવા માટે મનને બદલ્યા વિના ચાલે એવું જ નથી - **કચ્છ મિત્ર**
- તમે કેટલા મજબૂત છો, એ તમે ત્યાં સુધી જાણી શકતા નથી, જયાં સુધી મજબૂત હોવું એ તમારી એક માત્ર ચોઈસ ન હોય - **બોલ માર્લે**
- સજ્જનતા એ ઉત્તમ માનવતા માટેનો પર્યાય શબ્દ છે - **સ્વામી રામતીર્થ**
- મૃત્યુ એટલે ચેતનાનો અંત, શિક્ષણ એટલે માનવીના ચૈતન્યનો આવિષ્કાર - **ફ્રાઇર વાલેસ**
- મનની શાંતિનું મૂલ્ય સંપત્તિ અને સ્વાસ્થ્ય કરતાં યે ઘણું વધારે છે - **પરાશર**
- ભય ઉપર આત્માનો શાનદાર વિજય એ જ વીરતા છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : સોરાયસીસના ભાગ ઉપર કારેલાનો રસ ચોપડવાથી તરત રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

કેટલાંક લોકોને બેઠાબેઠ, આરામથી, પરિશ્રમ કર્યા વિના ખાવાની ટેવ પડી ગઈ હોય છે જે 'ભિક્ષા'ને રવાડે ચઢી જાય એ યુવાન-તંદુરસ્ત પણ ભીખ માગવામાં સંકોચ કરતા નથી. હવે તો ભિક્ષુકોના મંડળ-એશોસીએશન-ગેંગ રચાય છે.

મહંમદ પયગંબર સાહેબ પાસે એક ભિક્ષુક આવ્યો. યુવાન-નિરોગી હતો. કહ્યું મારી પાસે કંઈ જ નથી. નિરાધાર છું કંઈ ખાવા-પીવાની વ્યવસ્થા કરી આપો.

હઝરત સાહેબ પૂછ્યું તારી પાસે છે શું ? પેલો કહે એક કામળો અને સ્ટીલનો એક પ્યાલો... મહંમદ સાહેબ કહે 'લઈ આવ જા.' ભિક્ષુક લાવ્યો - પયગંબર સાહેબે તેનું બજારમાં લીલામ કરાવ્યું. બે દિનાર આવ્યા - ભિક્ષુકને બે દિનાર આપી કહ્યું. એક દિનારમાંથી રાશન લઈ રોટી પકાવ અને બીજા દિનારમાંથી કુહાડી લઈ લાકડાં કાપી વેંચવાની મજૂરી કર, દસ દિવસ પછી તને હું મળવા આવીશ પછી તને જરુર હશે તો મદદ કરીશ.

ભિક્ષુકે ખાધું પીધું ને મહેનત શરુ કરી દસ દિવસમાં વીસ દિનાર એકઠા થયા - પયગંબર આવ્યા - તેમના ચરણમાં ભેટ સ્વરુપ તે મૂકી દીધા - મહંમત સાહેબે બીજા વીસ દિનાર ઉમેરી યુવાનને આપ્યા. પણ યુવાને ને સ્વીકાર્યા નહીં - કહ્યું મહંમદ સાહેબ! મહેનતની રોટી મને વધારે મીઠી લાગે છે!

કોંગ્રેસની જિજીવિષા ગુજરી ગઈ છે કે શું ?

આઝાદીની ચળવળનું નેતૃત્વ કરનારી કોંગ્રેસના હાથમાં સત્તાનાં સૂત્રો આવ્યાં ત્યારે દેશનું સુકાન સંભાળી શકે એવા ડઝનેક નેતાઓ હતા, જેમણે ગાંધીજીની માન્યતા જાળવીને પંડિત જવાહરલાલ નહેરુને લાંબી રેસના ઘોડા તરીકે આ જવાબદારી સોંપાય એમાં સંમતિ દર્શાવી હતી. ઓછામાં ઓછા ચાર નેતાઓ તો વડાપ્રધાન પદની રેસમાં જ મનાતા હતા. બિહાર ઈચ્છતું હતું કે ડૉ. રાજેન્દ્ર પ્રસાદને દેશનું સુકાન સોંપવામાં આવે. દક્ષિણ ભારતમાં ચક્રવર્તી રાજગોપાલાચારી જેવા વરિષ્ઠ રાષ્ટ્રીય નેતા હતા જે પાછા ગાંધીજીના વેવાઈ પણ બની ગયા હતા. સરદાર પટેલ આ તમામ કરતાં વધુ માન્ય લોખંડી સંકલ્પબળ ધરાવતા ચુસ્ત ગાંધીવાદી નેતા હતા. પરંતુ એ તમામની સિનિયોરિટી અવગણીને પંડિત જવાહરલાલ નહેરુને શાસનમાં સૂત્રો સોંપાયાં ત્યારે કયાંક કશો કચવાટ ન હતો. જયપ્રકાશ નારાયણ નહેરુની લગોલગ લોકપ્રિયતા ધરાવતા યુવા નેતા હતા અને 'નહેરુ પછી કોણ?' એવો પ્રશ્ન ઊભો થતો ત્યારે સ્વાભાવિક રીતે જ તરવરિયા તોખાર ભણી ધ્યાન ખેંચાતું હતું. કાળક્રમે કોંગ્રેસમાં પરિવારવાદ પ્રવેશ્યો, જેનાં મીઠાં પરિણામ દેશ અને કોંગ્રેસ - બેઉએ ભોગવવાં પડ્યાં છે. ઈંદિરા ગાંધીની વ્યક્તિગત કાર્યદક્ષતા સામે પ્રશ્નચિહ્ન ન લગાડી શકાય, પરંતુ એમણે પાર્ટીને ખીસામાં મૂકી દીધા ત્યારથી એક મહાન આંદોલન જેવી કોંગ્રેસ પાર્ટીના કાંગરા એક પછી એક ખરતા જ રહ્યા છે. કાલાન્તરે પ્રદેશકક્ષાએ પણ વંશવાદની વિષવેલ વિકસતી રહી એટલે પ્રજાકીય સમર્થનમાં સતત ઓટ આવતી રહી. આજે રાહુલ ગાંધી દિવસ રાત એક કરી પાર્ટીને બેઠી કરવા મથી રહ્યા છે, પણ પરિસ્થિતિ એવી વિકટ છે કે રાષ્ટ્રીય કક્ષાએ જે પાર્ટી કયારેક પંડિત નહેરુ અને ઈંદિરા ગાંધીના ઈશારા પર કુરબાન થઈ જવા તૈયાર રહેતી એનાં મૂળિયાં ખવાઈ ગયાં છે. જૂથવાદની આ ઉંધઈ પણ મૂળે તો વંશવાત પ્રેરિત જ છે. ઈંદિરા ગાંધીએ પ્રદેશ કક્ષાએ એવું કોઈ સબળ નેતૃત્વ વિકસવા જ ન દીધું જે એમની ગેરહાજરીમાં પાર્ટીનું સુકાન સંભાળી શકે. પરિણામે ઈંદિરાની ઓચિંતી વિદાયવેળાએ વામણા નેતાઓએ સામે ચાલીને એમના શિખાઉ દીકરાનો રાજ્યાભિષેક કરવો પડ્યો હતો. રાજીવ ગાંધીની હત્યા પછી જે મોટા ગજાના ગણાતા નેતાઓ હતા તે પૈકી એક પણ 'માસ લીટર' નહોતા.. નરસિંહ રાવ વિચક્ષણ બુદ્ધિવાળા વિદ્વાન નેતા ખરા, પણ આંધ્રપ્રદેશ બહાર એમની કોઈ પહોંચ નહોતી. પ્રણવ મુખર્જીને તો અડધું બંગાળ સુદ્ધાં સ્વીકારવા તૈયાર નહોતું, એવી પરિસ્થિતિમાં સ્વાભાવિક રીતે જ અર્જુનસિંહ જેવા 'વફાદારો' એ સોનિયા ગાંધીને સુકાન સંભાળવા લોબીઈંગ કર્યું, જેને

તંત્રીસ્થાનેથી...

પરિણામે રાજકારણ સાથે સ્નાન સૂતકનો સંબંધ નહીં રાખવા માગતી ભદ્ર મહિલાને નેતાગીરીનો વેશ ભજવવો પડ્યો. હવે એમનો પ્રભાવ પણ ઓસરી ચૂક્યો છે અને વર્ષો સુધી રાહ જોવડાવ્યા બાદ રાહુલ ગાંધી મને-કમને મેદાનમાં ઉતર્યા છે. દેશની જે વિકટ દુર્દશા થઈ છે તેમાં રાહુલ ગાંધીને એનું સુકાન સોંપવામાં પ્રજાને શાણપણ ન વરતાય તે સમજી શકાય એમ છે. ગાંધીજીએ પ્રજામાંથી નેતૃત્વ ઊભું કરવાનો મંત્ર આપેલો, તેનો ધરાર તિરસ્કાર કરી કોંગ્રેસે એક જ પરિવાર દેશનો તારણહાર બની શકે, એવી અંધશ્રદ્ધા પોષી છે. પરિણામે મોદી શાસનની અઢળક ખામીઓ છતાં પ્રજા હજી મોદી પાસે જ કશા ચમત્કારની આશા રાખે તો નવાઈ નહીં લાગવી જોઈએ. ૨૦૧૭માં આવનારી પાંચ રાજયોની ચૂંટણી એ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીના રિહર્સલ જેવી પુરવાર થવાની છે અને એમાં કાશ્મીરની સમસ્યા કેન્દ્ર સ્થાને રહેવાની છે. કાશ્મીરનો પ્રશ્ન સળગતો રાખવા માટે પં. નહેરુના માથે છાણાં થાપતી રહેલી વર્તમાન ભાજપ સરકારે એના ઉકેલ માટે કયાં પગલાં ભર્યાં? બેઉ સામે સવાલ થઈ શકે એમ છે. ખરાખોટા સવાલોના જવાબ આપવાની વાક્છટા મોદી પાસે છે. રાહુલ પાસે એવી ક્ષમતા નથી છતાં એમને જ જવાબ આપવો પડશે ત્યારે એમની શી વલે થશે?

ગુજરાત ગોકુળીયું બની ગયું છે !

નવાં કલેવર
નટવર હેડાઉ

'અરે સાંભળો છો?'

'શું થયું વળી છાપું વાંચવા દે ને' વિનાયક રાવે કહ્યું.

'તે છાપાંમાં નવું શું લખ્યું છે તે કહેશો' પત્નીએ પુછ્યું.

'આ આજકાલ રખડતાં ઢોરનો ત્રાસ વધી ગયો છે રસ્તામાં ગાયોનું સામ્રાજય વ્યાપી ગયું છે તેના કારણે છાશવારે અકસ્માતો સર્જાય છે.' વિનાયકરાય બોલ્યા.

'તમને એમ નથી લાગતું કે ગુજરાત ગોકુળીયું બની ગયું છે.' પત્નીએ કટાક્ષમાં કહ્યું.

'એટલે તું કહેવા શું માંગે છે?'

'મારું કહેવું એ છે કે સરકાર અને કાયદા જેવું કંઈ છે કે નહીં?' રોડ પર રખડતાં ઢોરોને કારણે થતા અકસ્માતોમાં હવે તો રોજ એક બે માણસના મરવાના સમાચારો વાંચવા મળે છે.

'હું એ જ છાપામાં વાંચતો હતો. પણ મને લાગે છે કે એમાં એકલી સરકારને દોષ દઈ શકાય નહીં. તમારા જેવાં બૈરાં ગરમ ગરમ રોટલીઓ બનાવી ગાયોને હોંશભેર નાંખે પછી ગાયો રોડ ઉપરથી હટે કયાંથી?'

'જૂઓ તમે આમાં મને વચ્ચે ન લાવો. ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. લોકોની શ્રદ્ધા જોડાયેલી છે ગાય ને આપણાં શાસ્ત્રોમાં માતાન દરજ્જો આપેલ છે.' પત્નીએ દલીલ કરી.

'શું' એટલે જ લોકો ગાયને એંઠવાડ ખવડાવે છે. શાકનાં છોકરાં પ્લાસ્ટિકની કોથળીમાં ભરી જયાં ત્યાં ફેંકે છે જે ગાયો ખાય છે અને મૃત્યુને ભેટે છે. કોઈ પોતાની માં માટે આવું કરે છે ખરું? વિનાયકરાયે કહ્યું.

'ના, ભઈના સાવ એવું નથી. હાં સરકારને પણ રાજ કરવા લોકમતોની જરુર તો ખરી કે નહીં. તેથી કદાચ માલધારીઓને છાવરે છે. પણ હવે આ પ્રશ્નનો ઉકેલ લાવ્યા વિના છૂટકો નથી.'

'તે ગાયોને પકડવાને છોડવાનાં નાટકનો મનપા વાળા ઘણાં કરે છે. છતાં પ્રશ્ન તો ઠેર નો ઠેર છે.' પત્ની બોલ્યા.

'આ બાબતમાં મનપા કે સરકાર એકલી કંઈ કરી ન શકે. લોક સહકાર જરુરી છે. જો ગઈકાલે હું ઑફિસ જતો હતો ત્યારે રસ્તામાં મંદિરથી થોડે દૂર રોડની બાજુમાં લીલા ઘાસમા પુળા લઈને એક માલધારી ઊભો હતો અને તેની આઠ દસ ગાયો અડધી રોડ અને બીજી ફૂટપાથ રોકીને બેઠેલી હતી.'

'તે એમાં શું એ તો રોજનું છે. મંદિરે આવતા જતા શ્રદ્ધાળુઓ ગાય માતાને ઘાસ ખવડાવીને પુણ્ય કમાય છે.'

'અને પછી એ જ ગાયો ટ્રાફિક જામ કરે છે. વાહન ચાલકોને કનડે છે અને બાઈક કે સ્કૂટર સાથે અથડાતાં અનેક જુવાનિયા અને મારા જેવા ઘરના કમાતા વ્યક્તિના જીવ લે છે એનું શું' વિનાયકે કહ્યું.

એ તો શ્રાવણ મહિનો પુણ્ય કમાવાનો મહિનો અને આ ભાદરવો પિતૃઓનો મહિનો તેમાં લોકો દાન પુણ્ય કરે તેમાં તમે આમ અકળાઈ શા માટે જાવ છો.' પત્નીએ કહ્યું.

'હું તને એ જ સમજાવવા માગું છું. ધર્મ અને આસ્થાની સાથે લોક શ્રદ્ધાનો કઈ રીતે લાભ લેવામાં આવે છે તેનો દાખલો જ હું તને આપવા માંગુ છું.'

'હાં તો કહો ને', 'મેં તને વાત કરી તેમ રસ્તામાં લીલું ઘાસ લઈ ઊભેલો માલધારી આવતાં જતાં સૌને ગાયોને ઘાસ ખવડાવવા વિનંતી કરતો હતો. સાંજે હું ઑફિસથી પાછો વળ્યો ત્યારે તેની લારીમાં મોટાભાગનું જેમનું તેમ પડ્યું હતું.'

'તે બપોરના સમયે મંદિરે કોઈ આવે નહીં તેથી ઘાસ કોઈએ નીર્યું નહીં હોય.' પત્નીએ ચોખવટ કરી. 'બિચારી ગાયો સવારની ભુખી હતી. વારંવાર ઊભી થઈ માલધારીની પાસે આવી ઘાસમાં મોઢું મારવાની કોશિશ કરતી હતી અને માલધારી તેને લાકડીથી ફટકારી રોડ

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રેમ એટલે યાતના, પીડા અને વેદનાનું કૉકટેલ

ગુલમહોર
દિનેશ દેસાઈ

હોલિવૂડની ટોપ-ટેન લિસ્ટેડ હિરોઈન ચાર્લીઝ થેરોન (૭ ઓગસ્ટ, ૧૯૭૫)એ કહ્યું છે કે "પ્રેમ તમને પીડા આપે છે. પ્રેમ તમને યાતના આપે છે. તમે સુખની ખોજ માટે કોઈને પ્રેમ કરો છો, ત્યારે એ વ્યક્તિ તમારી લાગણી સાથે રમત રમતી હોય એમ પણ બને. સાચો પ્રેમ દિવ્ય છે અને તે દરેકના નસીબમાં હોતો નથી. બસ, સાચો પ્રેમ મળી જાય તેની જિંદગી ધન્ય અને ભવ્ય બની જાય છે. પરંતુ આવા મિરેકલ ક્યારેક જ સર્જાતા હોય છે."

"ટાઈમ" મેગેઝિનની સદીની મોસ્ટ પાવરફૂલ ૧૦૦ મહિલાઓની યાદીમાં સ્થાન પામનાર ચાર્લીઝ થેરોનને અંગ્રેજી ફિલ્મોમાં બેસ્ટ એક્ટિંગ માટે ઘણા બધા એકેડમી એવોર્ડઝ પ્રાપ્ત થયેલા છે. તે એક સકસેસ પ્રોડ્યુસર પણ છે. ચાર્લીઝના જીવનમાં ચાર-ચાર પુરુષ આવ્યા અને તેને છોડીને જતા રહ્યા. પરંતુ ચાર્લીઝને સાચો પ્રેમ ના મળ્યો. તે સાચુકલા પ્રેમ માટે આજીવન તરસતી રહી છે. ચાર્લીઝ જાણે છે કે પ્રેમ એટલે યાતના, પીડા, વેદનાનું કૉકટેલ.

ચાર્લીઝના કહેવા પ્રમાણે તે ટીન-એજમાં હતી ત્યારે પોતાની ઉંમરના બે છોકરા સાથે પ્લેટોનિક લવ થયો હતો. પરંતુ એ દિવસો ટીન-એજના હતા. એમાં કોઈ મેચ્યોરિટી નહોતી. આમ ચાર્લીઝના જીવનનો પહેલો પુરુષ (૧) ક્રેગ બિરકો હતો. હોલિવૂડ એક્ટર ક્રેગ સાથે ચાર્લીઝ સને ૧૯૯૭માં બાવીસ વર્ષની હતી ત્યારે પ્રેમમાં પડી હતી. આ સંબંધ સને ૨૦૦૧માં તૂટી ગયો હતો. એ પછી ચાર્લીઝ અન્ય એક હોલિવૂડ એક્ટર (૨) સ્ટિફન જેનકિન્સ્ સાથે લિવ-ઈન રિલેશનશીપમાં રહી. તેની સાથેના સંબંધમાં એક-દોઢ વર્ષમાં જ ભંગાણ પડ્યું.

પ્રેમમાં બે બે વખત પછડાટ ખાધેલી ચાર્લીઝ એ પછી આઈરિશ એક્ટર (૩) સ્ટુઅર્ટ ટોનસેન્ડ સાથે સને ૨૦૦૧ પછી પ્રેમમાં પડી. ટોનસેન્ડ સાથે ચાર્લીઝ લગભગ નવ વર્ષ લિવ-ઈન રિલેશનશીપમાં રહી અને આખરે બેઉ સને ૨૦૧૦માં અલગ થઈ ગયાં. પાંચ વર્ષ સુધી એકલતા અને પ્રેમના અભાવમાં ડિપ્રેશનમાં રહેલી ચાર્લીઝ સને ૨૦૧૪માં હોલિવૂડ એક્ટર (૪) સીન પેન સાથે પ્રેમસંબંધમાં જોડાઈ. જો કે આ સંબંધ પણ લાંબુ ટક્યો નહીં અને સને ૨૦૧૫માં તો બેઉ છુટા પડી ગયાં.

ચાર્લીઝે અનુભવ્યું છે કે પ્રેમમાં નિષ્ફળતાની અસર તમારા સમગ્ર જીવન ઉપર પણ પડતી હોય છે. પ્રેમના અભાવમાં વ્યક્તિ ભીતરથી રિબાય છે, દુઃખી થાય છે. એથી ઉલટું પ્રેમનું સુખ પામેલી વ્યક્તિ દરેક મામલે સફળતાનું સુખ પામે છે. તમે જુઓ કે કોઈ વ્યક્તિ સફળ છે, તો એની પાછળ એને પ્રેમમાં મળેલી સફળતા હોઈ શકે. પ્રેમના અભાવમાં વ્યક્તિ ભીતરથી ખાલી ખાલી થઈ જાય છે. પ્રેમ વ્યક્તિને સભર અને પૂર્ણ-સંપૂર્ણ બનાવે છે.

ભીતરનો ખાલીપો એ પ્રેમની ગેરહાજરી અથવા પ્રેમની નિષ્ફળતા છે. આવો ખાલીપો વ્યક્તિમાં કંઈક કરી બતાવવાનું જૂનુન પણ પેદા આપે છે. વ્યક્તિ પોતાના ગમતા ક્ષેત્રમાં આ જૂનુન લઈને આગળ વધે છે અને સફળતાના એક પછી એક શિખરો સર કરતો જાય એમ પણ બને છે.

બે પ્રિયજન વચ્ચે એક ડાયલૉગ કૉમન થતો રહે છે.

એક વ્યક્તિ કહે કે "તું મારી ફિલિંગ્સ્ સમજતી જ નથી."

સામી વ્યક્તિ તરત દલીલબાજી કરે છે કે "હું પણ આ જ કહેવા માગું છું કે તું મને હજુ પણ સમજી શક્યો નથી."

ભલે સામેની વ્યક્તિ તમને ન સમજી શકતી હોય. પરંતુ તમે તો સામી વ્યક્તિને હંમેશા સમજવાનો પૉઝિટીવ ટ્રાય કરો. અહમના આટાપાટામાં પ્રેમસંબંધ સચવાતો નથી. દરેક વ્યક્તિ પોતાની પ્રિય વ્યક્તિને ટેક્સ્ટ મેસેજમાં "ટેક કેર" એમ લખે તો છે. પરંતુ આ બાબત અમલમાં યાને વ્યવહારમાં તો આવતી જ નથી. સંબંધ જાણે ડિજીટલ બની ગયા છે. ટેક્સ્ટ મેસેજના સહારે યાને દંભ અથવા આડંબરના સહારે કોઈ સંબંધને ક્યાં સુધી જીવતદાન આપી શકાય?

પ્રેમ એટલે શું? અને પ્રેમમાં કાળજી લેવી, એટલે શું? એ વિશે સરસ મજાની વાત છે. એક યુવક-યુવતી ફરવા નીકળ્યા હતા. રસ્તામાં સરસ મજાના સફરજન જોઈને યુવતીએ સફરજન ખાવાની ઈચ્છા વ્યક્ત કરી. યુવાને બે સફરજન ખરીદીને યુવતીના હાથમાં મૂક્યા અને દુકાનદારને રૂપિયા ચુકવવા લાગ્યો. એવામાં તેણે જોયું કે યુવતીએ પહેલા સફરજનને બાઈટ કરી અને અંગુઠા ને તર્જની આંગળીથી "આ સફરજન સરસ છે" એવી સાઈન કરી. યુવાને જોયું કે યુવતીએ પહેલું સફરજન ખાવાના બદલે બીજા સફરજનને પણ બાઈટ કરી અને ફરી એક વાર અંગુઠા-તર્જનીથી બીજું સફરજન પણ ટેસ્ટી હોવાની સાઈન કરી.

યુવાન વિચારવા લાગ્યો કે તેની પ્રિયાએ તો બેઉ સફરજન એઠાં કરી નાખ્યાં. તે બેઉ સફરજન ખાઈ જવાના મૂડમાં લાગે છે. પોતાને ખાવા માટે

અનુસંધાન પાના નં. ૭ પર

બુલંદ માગણી છે

જવાનોની શહાદત ન એળે જવા દો,
ખુમારી જ હોયે, તો યુદ્ધ જ થવા દો.

હવે શાંતિ-મૈત્રી વા અહિંસા ને છોડો,
ફક્ત દારૂગોળો ને બોંબ જ વછોડો.

કરો દુશ્મનોના સરવ દાંત ખાટા,
એ લાતોના ભૂતના હવે વાટો માથા.

શરીફની શરાફતના ચીરો નકાબો,
પિશાચીને દઈ દો કરારા જવાબો.

ભભૂકે છે લાવા, પ્રતિશોધ અંતર,
ફગાવો ને ફોડો, સંવાદોના જંતર.

કરિશ્મા ને કૌવત, બતાવો હે નેતા!
નહિતર તમે પણ ગણાશો જ મેતા!

દરેક હિંદી જણની દિલી લાગણી છે,
છેડો યુદ્ધ એવી બુલંદ માગણી છે.

હવે છોડીએ બુદ્ધ-મહાવીરના ચીલા,
નરાધમના શિરે તો શોભે જ ખીલા.

કરી યાદ સરદાર ને ઈંદીરાજી;
ભલે વ્હોરી લઈએ જગત ઈતરાજી.

- ભરત કવિ 'ઊર્મિલ'

'પિંક'- બ્રેવ, બોલ્ડ એન્ડ બ્યૂટિફૂલ..!! 'સેક્સ્યુઅલ હેરેસ્મેન્ટ' ફિલ્મની સ્ફોટક થિમ..!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

અનિરુધ્ધ રોય ચૌધરી ડાયરેકટેડ 'પિન્ક' ફિલ્મ સંવાદોને હાથો બનાવીને જ્વલંત મુદ્દો ઉઠાવ્યો છે કે સ્ત્રીઓ, ખાસ કરીને યુવા છોકરીઓ પ્રતિ સમાજ પોતાની માનસિકતા બદલે, છોકરીઓને એમનાં કપડાંના આધારે આંકવાનું બંધ કરે. દેશ-સમાજમાં સ્ત્રીઓ-પુરુષોની ભૂમિકા ઝડપથી બદલાઈ રહી છે તેથી સમાજે પોતાની જડ જેવી માનસિકતા પણ બદલવી જ પડશે. 'પિન્ક' કડક સામાજિક સંદેશા સાથે સાંપ્રત સમયને અનુરૂપ યુવાઓને કેન્દ્રમાં રાખીને બનાવાયેલી ફિલ્મ છે. આજની યુવતીઓને એમની પસંદગીઓ કરવાનો પૂરો હક છે.

કોર્ટમાં અમિતાભ બચ્ચનને તાપસી પ્નુંને પ્રશ્ન પૂછતો બતાવવામાં આવ્યો છે, 'શું તમે વર્જિન છો મિસ અરોરા? હા કે નામાં જવાબ આપો' આવા અનેક બોલ્ડ સંવાદો છે.

'પિંક' ફિલ્મ રિવ્યૂ ગુજરાત ગાર્ડિયન અખબારના સબ એડિટર મયૂર પટેલે લખ્યો છે. એ એટલો બધો રસપ્રદ છે કે એમના શબ્દોમાં જ આખેઆખો અહીં સમાવ્યો છે.

'ના' એટલે 'ના', પછી એ તમારી 'પ્રેમિકા' હોય, કાયદેસરની 'પત્ની' હોય કે પૈસા આપીને ખરીદાયેલી 'પ્રોસ્ટિટ્યુટ' હોય! સ્ત્રીની 'ના' છતાં એની સાથે કરાયેલી જિસ્માની જબરજસ્તી કાનૂની ગુનો બને જ છે, પછી ભલેને એ જબરજસ્તી બળાત્કાર જેવા સંગીન અપરાધ સુધી ના પહોંચી હોય!

> **આભાસી સંબંધોની દિવાલ રચી**
> **કૈંક યુગોથી સંબંધોની જેલ રચી,**
> **ગુંગળામણ થાય મનની માલિપા**
> **તોય જરાયે ના કૈ ખળભળ મચી!**
> **- સરલા સુતરિયા 'સરલ'**

વેલ, આ છે ફિલ્મ 'પિંક'ની સ્ફોટક સેન્ટ્રલ થિમ.

પુરુષ રાતે ફરવા નીકળે તો ચાલે, પણ સ્ત્રી રાતે ફરતી હોય તો એ રખડેલમાં ખપે! શરાબ પીતો પુરુષ મર્દ ગણાય, પણ સ્ત્રી પીએ તો એ લૂઝ કેરેક્ટરની ઠરે! શું ફક્ત પુરુષ સાથે હસીએ વાતો કરવાથી, ટૂંકા કપડાં પહેરવાથી અને પાર્ટીમાં જઈ ડાન્સ કરવાથી કોઈ સ્ત્રીને ચાલૂ ધારી લેવાની? એની સ્માઈલને એનું ઈન્વિટેશન, એની ફ્રેન્કનેસને એના અવેઈલેબલ હોવાનું સર્ટિફિકેટ સમજી લેવાનું? એ 'તૈયાર' જ છે એમ માની એની મરજી વિરુદ્ધ, એની 'ના' છતાં એની સાથે બળજબરી કરવાની?

આપણા પુરુષપ્રધાન સમાજના ગાલ પર તમાચા સ્વરૂપ 'પિંક' આવા અનેક પ્રશ્નો ઊઠાવે છે અને વિષય ગંભીર હોવા છતાં સહેજ પણ બોરિંગ કે પ્રિચિંગ નથી બનતી.

જ્યાં વિક્ટિમની તરફેણમાં ચુકાદો આપી દેવાનું બહુ સરળ થઈ જાય છે એવા 'બળાત્કાર' જેવા મુદ્દા પરથી તો ભારતમાં 'ઈન્સાફ કા તરાજુ' અને 'દામિની' જેવી ચોટદાર ફિલ્મો બની જ છે, પણ 'સેક્સ્યુઅલ હેરેસ્મેન્ટ' વિષય પર આધારિત આજ સુધી એક પણ મેઈનસ્ટ્રીમ ફિલ્મ બોલિવુડમાં નથી બની. નવાઈ કહેવાય, કેમકે વર્કિંગ વુમનથી લઈને હાઉસવાઈફ સુધીની લગભગ તમામ સ્ત્રીઓ જીવનમાં ક્યારેક તો ઓછેવત્તે અંશે સેક્સ્યુઅલી હેરેસ થતી જ હોય છે. તારીફ કરવી પડે ફિલ્મના મેકર્સની કે તેમણે આવા સંવેદનશીલ વિષય પરથી આટલી સક્ષમ ફિલ્મ બનાવી. વિદ્યા બાલનને લઈને 'કહાની' જેવી આઉટ-એન્ડ-આઉટ ક્લાસિક ફિલ્મ બનાવનાર સુજિત સિરકાર 'પિંક'ના નિર્માતા છે અને 'વાહ' પોકારાવી દે એવું જાનદાર ડિરેક્શન કરનાર કસબી છે અનિરુદ્ધ રોય ચૌધરી. બંગાળી ફિલ્મોના આ માંજાયેલા પ્રોડ્યુસર-ડિરેક્ટરની આ પહેલી જ હિન્દી ફિલ્મ છે, પણ માનવું પડે કે પહેલી જ ઈનિંગમાં તેમણે સેન્ચ્યુરી ફટકારી છે.

આ નો-નોનસેન્સ ફિલ્મ કોઈપણ પ્રકારના ટિપિકલ બોલિવુડી ટાંયલાવેડા વિના આગળ વધે છે. ફિલ્મમાં નથી કોઈ ફાલતુ રોનાધોના કે નથી કોઈ મેલોડ્રામા. ન કોઈ સોંગ-ડાન્સ કે ન કોઈ પેમલાપેમલી વેડા. છે તો બસ કન્ટેન્ટ. એવું મજબૂત કન્ટેન્ટ જે દર્શકને ખુરશી પરથી ચસકવા ન દે! પટકથા(સ્ક્રીનપ્લે, યૂ નો!) એટલી બારીકાઈથી લખાયેલી છે કે ક્યાંય કશું જ નક્કામું નથી લાગતું. એડિટિંગ અત્યંત ચુસ્ત. ઘણે ઠેકાણે ડાયલોગબાજી ટાળીને ડિરેક્ટરે ખામોશીને બોલવા દીધી છે. પાત્રો હરફ પણ ઉચ્ચારતાં નથી, પણ દર્શક એમના ઈમોશન્સ સમજી જાય છે. (સ્પોઈલર્સ અહેડ!) એક દૃશ્યમાં જોગિંગ પર નીકળેલી તાપસી(કોર્ટમાં એના કેરેક્ટર પર સવાલ ઊઠી રહ્યા છે અને સમાજમાં તેના વિશે જાતજાતની વાતો થઈ રહી છે)ને કાને નજીકથી પસાર થતાં બે યુવાનોની મશ્કરીજનક કોમેન્ટ પડે છે અને વધુ બદનામી ન થાય એ માટે, પોતાની ઓળખ છુપાવવા માટે તે પોતાના જમ્પરનું હૂડ માથે ઓઢી લે છે, ત્યારે એ જોઈને તેની પડખે જોગિંગ કરી રહેલા બચ્ચનસા'બ(તાપસીના વકીલ) એ હૂડ ભારે ખુમારીપૂર્વક હટાવી દે છે. જાણે કહેતા ન હોય કે, શરમ તારે નથી અનુભવવાની, શરમ તો આવી પછાત માનસિકતા ધરાવતા લોકોને આવવી જોઈએ. કોઈ ડાયલોગ નહીં, કોઈ મ્યુઝિક નહીં. બસ, પાંચ સેકન્ડ અને સીન ખતમ. પણ એ સીનમાં રહેલી અસરકારકતા એને હિન્દી ફિલ્મના ઈતિહાસના સૌથી વધુ બળકટ સીન્સ પૈકીનું એક બનાવી દે છે. સચ અ વિનિંગ મોમેન્ટ! અફલાતૂન! અફરીન!!

ટુ-ધ-પોઈન્ટ લખાયેલો સ્ક્રીનપ્લે, ચુસ્ત એડિટિંગ અને સચોટ ડિરેક્શન બાદ સૌથી વધુ ધ્યાન ખેંચે છે એક્ટિંગ ડિપાર્ટમેન્ટ. તાપસી પન્નુને 'ચશ્મે બદ્દૂર'માં જોયેલી ત્યારે રીતસર ભદ્દી અને બાઘી લાગી હતી, પણ 'બેબી'માં એણે નાનકડા રોલ છતાં સૌને ચોંકાવી દીધા હતા. (યાદ છે, સુંશાત સિંઘ સાથેની પેલી લાંબી ફાઈટ સીકવન્સમાં એણે શું ધૂંઆધાર એક્શન કર્યું હતું) તાપસી અહીં પણ જોરદાર ખીલી છે. કિર્તી કુલ્હરી પણ એટલી જ અસરકારક! (એના અદ્ભુત અભિનયનો નમૂનો જોવો હોય તો 'રાજીવ ખંડેલવાલ' અને 'કલ્કી કોચલીન'વાળી સોલ્લિડ 'શૈતાન' જોઈ લો) બંને અભિનેત્રીઓએ સ્ત્રીની હેલ્પલેસનેસને બખૂબી જિવંત કરી છે. સતાવાયેલી સ્ત્રીની કમાન છટકે ત્યારે એ કેવું દબંગ રૂપ ધારણ કરી શકે છે, એને બંનેએ પડદા પર વિસ્ફોટક રીતે દર્શાવ્યું છે. બંનેની સરખામણીમાં ત્રિકોણનો ત્રીજો ખૂણો એવી 'એન્ડ્રિયા તારિઆંગ